## તંત્રી સ્થાનેથી

## Editorial....

### વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન સાધતી ભારત સરકારની નવી ડેમ નીતિ જરૂરી

ભારતની હિમાલયની નીતિ છેવટે ભૂસ્તરશાસ્ત્રીય વાસ્તવિકતાને પકડી રહી છે. ગંગા બેસિનના ઉપરના ભાગમાં નવા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સનો વિરોધ કરવાનો કેન્દ્રનો નિર્ણય લાંબા સમયથી ચાલતી માન્યતાથી નોંધપાત્ર વિદાય દર્શાવે છે કે દરેક નદીને ઊર્જા સંપત્તિમાં ઇજનેરી કરી શકાય છે. વર્ષોની ઈકોલોજીકલ ચેતવણીઓ અને વારંવાર આપત્તિઓ પછી સરકારે સ્વીકાર્યું છે કે નાજુક અલકનંદા-ભાગીરથી પ્રદેશ આક્રમક માળખાકીય વિસ્તરણનો બોજ અનંત રીતે શોષી શકતો નથી. ૨૦૧૩ ની કેદારનાથ દુર્ઘટનાનો પડછાયો હજી પણ ઉત્તરાખંડ પર મોટો છે.

ભારતની સાંસ્કૃતિક, ધાર્મિક અને ભૌગોલિક ઓળખ સમાન ગંગા નદી માત્ર એક જળસ્ત્રોત નથી પરંતુ કરોડો લોકોની જીવાદોરી છે. હિમાલયના ખોળેથી નીકળતી આ પવિત્ર નદી અને તેના ઉદ્ગમ સ્થાનની આસપાસની ઈકોલોજી છેલ્લા કેટલાક દાયકાઓથી અવિરત બાંધકામ, મોટા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ અને ડેમોના કારણે ભારે દબાણ હેઠળ હતા. જો કે, તાજેતરના વર્ષોમાં ભારત સરકારે એક મોટો વૈચારિક અને નીતિગત બદલાવ કરીને હિમાલયન ક્ષેત્રમાં ગંગા અને તેની સહાયક નદીઓ પરના ડેમ પ્રોજેક્ટ્સને મર્યાદિત કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ નિર્ણય માત્ર નદીના રક્ષણ પૂરતો સિમિત નથી પરંતુ તે ભારતના નાજુક હિમાલયન ક્ષેત્ર માટે એક નવી દીર્ઘદ્રષ્ટિવાળી હિમાલયન નીતિનો આકાર આપી રહ્યો છે.

ભૂતકાળમાં ઊર્જાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે હિમાલયના સંવેદનશીલ વિસ્તારોમાં અસંખ્ય ડેમ મંજૂર કરવામાં આવ્યા હતા. આનાથી વીજળી તો મળી પરંતુ તેની બહુ મોટી કિંમત ચૂકવવી પડી. જમીન ધસી પડવી, ભૂકંપના જોખમોમાં વધારો થવો, સ્થાનિક જૈવવિવિધતાનો નાશ અને નદીના કુદરતી પ્રવાહમાં અવરોધ જેવી ગંભીર સમસ્યાઓ સામે આવવા લાગી. વારંવાર આવતા પૂર અને જોશીમઠ જેવી આપત્તિઓએ વૈજ્ઞાનિકો અને નીતિ ઘડવૈયાઓને વિચારવા મજબૂર કર્યા કે હિમાલય સાથે છેડછાડ આખા દેશ માટે વિનાશક સાબિત થઈ શકે છે.

આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને ભારત સરકારે નમામિ ગંગે અભિયાનના વ્યાપને વધાર્યો અને પર્યાવરણ મંત્રાલય તેમજ જળશક્તિ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે ડેમ પ્રોજેક્ટ્સ પર લગામ લગાવી. સરકારે સ્પષ્ટ કર્યું કે, ગંગાની મુખ્ય સહાયક નદીઓ જેમ કે ભાગીરથી, અલકનંદા અને મંદાકિની પર હવે નવા મોટા ડેમ પ્રોજેક્ટ શરૂ કરવામાં નહીં આવે. એટલું જ નહીં જે પ્રોજેક્ટ્સ પ્રારંભિક તબક્કામાં હતા અથવા જેનાથી પર્યાવરણને મોટું નુકસાન થવાની સંભાવના હતી તેમને અટકાવી દેવામાં આવ્યા અથવા તેમના આયોજનમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યા.

આ નીતિ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગંગા નદીના અવિરલ પ્રવાહ અને નિર્મલ પ્રવાહને જાળવી રાખવાનો છે. વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે, ગંગાના પાણીમાં રહેલા ખાસ બેક્ટેરિયોફેજ વાયરસ, જે પાણીને શુદ્ધ રાખે છે અને સડવા દેતા નથી તે નદીના કુદરતી વેગ અને હિમાલયની જડીબુટ્ટીઓના સંપર્કથી જ જીવંત રહે છે. ડેમ બાંધવાથી આ પ્રક્રિયા ખોરવાઈ જતી હતી. ડેમ મર્યાદિત કરીને સરકારે નદીની આ આત્મ-શુદ્ધિકરણની ક્ષમતાને પુનઃજીવિત કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

---

**ખાખીમાં ધબકતું હૃદય -જ્યારે 'ગુજરાત પોલીસે' જામીનમુક્ત મહિલાના પરિવારની ભૂમિકા ભજવી**

# મહિલા આરોપીએ બાળકને જન્મ આપ્યો, તેને કોઇ લેવા ન આવ્યું, ત્યારે ગુજરાત પોલીસ મધ્યપ્રદેશ મૂકવા ગઈ

### જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (આણંદ) અને નડિયાદ જિલ્લા જેલની માનવીય સંવેદનાને ઝંકૃત કરતી કામગીરી

અમદાવાદ, વહીવટીતંત્ર જ્યારે માનવીય સંવેદનાને ઉજાગર કરે છે ત્યારે ભલભલાની આંખો ભીંજાઈ જાય છે. આવી જ ઘટના નડીયાદ જિલ્લા જેલમાં બની છે. જેલમાં રહેલી એક શ્રમિક પરિવારની મહિલા આરોપીએ બાળકને જન્મ આપ્યો ત્યારે તેને તેણીના પરિવારમાંથી કોઈ લેવા આવ્યું નહીં. આ સમયે ગુજરાત પોલીસ તેની વાલી બની અને ખાખીમાં ધબકતા હૃદયનો પરિચય કરાવ્યો ને એક પરિવારની ભૂમિકા ભજવીને ગુજરાત પોલીસ છેક મધ્યપ્રદેશ મૂકવા ગઈ.

થોડા દિવસો પહેલા આણંદ જિલ્લાનાં ખંભાત ખાતે પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુયલ ઓફેન્સિસ એક્ટ, ૨૦૧૨, હેઠળ એક ગુન્હો નોંધાયો હતો. આ ગુન્હામાં એક સહ-આરોપી સગર્ભા મહિલા નડિયાદ જિલ્લામાં જેલમાં બે વર્ષનાં એક બાળક સાથે આવી હતી.

આ મહિલાનાં દિયરે સગીર વયની છોકરીને ભગાડી જતા આ મહિલાનાં પતિ અને દિયર સામે ગુન્હો નોંધાયો હતો. આ મહિલા તેમાં સહ-આરોપી હતી. મુળ મધ્યપ્રદેશનાં




અલીરાજપુર જિલ્લાનો વતની આ પરિવાર સ્થળાંતર કરી મજુરી માટે આણંદ જિલ્લામાં આવ્યો હતો.

નડિયાદ જિલ્લા જેલમાં જ્યારે આ મહિલા આવી ત્યારે તે સગર્ભા હતી. ૨૧ મેનાં રોજ આ મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા સૌ પ્રથમ તેને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેણે પુત્રને જન્મ આપ્યો. સારવાર પુરી થયા પછી આ મહિલા કેદીને તેના નવજાત શિશુ સાથે પાછી નડિયાદ જિલ્લા જેલમાં લઈ આવવામાં આવી. આ મહિલા કેદી (કાચા કામના કેદી) હવે બે વર્ષનાં બાળક અને ચાર દિવસનાં નવજાત શિશુ સાથે જેલમાં રહેતી હતી.

"આ મહિલાને સ્થાનિક અદાલતમાંથી જામીન તો મળી ગયા હતા પણ તેને મુક્ત કરાવવા માટે તેના સગા-સંબધીઓમાંથી કોઇ આવ્યું નહીં. પતિ અને દિયર જેલમાં હતા. પરિવાર અત્યંત ગરીબ હતો. સ્થળાતંરિત અને ગરીબ મહિલાને વ્હારે કોણ આવે?

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (આણંદ) અને નડિયાદ જિલ્લા જેલનાં અધિકારીઓ આ ગરીબ અને સ્થળાંતરીંત મજુર (માઈગ્રન્ટ) મહિલાની વ્હારે આવ્યાં.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે આ મહિલા આરોપીની કાનૂની મદદ કરી અને નડિયાદ જિલ્લા જેલનાં અધિકારીઓને આ મહિલાની આરોગ્યની સ્થિતિને ધ્યાનમાં રાખી તેના વતન મધ્યપ્રદેશ સુધી પહોંચાડવા કહ્યું. ગુજરાત પોલીસ વડા ડો. કે.એલ.એન રાવનાં માર્ગદર્શનમાં નડિયાદ જિલ્લા જેલ પોલીસે સ્થાનિક સેવાભાવી સંસ્થાની મદદથી આ મહિલા માટે એક વાહનની વ્યવસ્થા કરી. આ વાહન સાથે બે કોન્સ્ટેબલને પણ મોકલ્યા. મધ્યપ્રદેશનાં અલીરાજપુર જિલ્લામાં સ્થાનિક પોલીસ સ્ટેશને જઈ આ મહિલાની સ્થિતિ જણાવી અને તેના પરિવાર સાથે તેનું પુનઃમિલન કરાવ્યું. નવજાત શિશુ અને બે વર્ષનાં બાળક સાથે તેના વતનમાં પહોંચતા મહિલા આરોપી ભાવવિભોર થઈ ગઈ હતી અને ગુજરાતનાં સંવેદનશીલ વહીવટીતંત્ર અને ખાસ કરીને ગુજરાત પોલીસનો આભાર માન્યો હતો.

---

## સામાજીક-સંસ્થાકીય ગતિવિધિઓ

### આદિ શંકરાચાર્ય ગાર્ડનમાં ચાલી રહેલા સમર કેમ્પમાં બાળકોને ડ્રોઈંગ કીટ આપવામાં આવી

આદિ શંકરાચાર્ય ગાર્ડનમાં ચાલી રહેલા બાળકોના સમર કેમ્પમાં યોગ સેવક જયશ્રીબેન અને પીનાબેન દ્વારા બાળકોને ડ્રોઈંગ કીટ આપવામાં આવી હતી. બાળકોમાં કલાતમકતા આવે અને કલા પ્રત્યે સીખે તે હેતુથી આ વિતરણ કરવામાં આવ્યું હતું.

### ધી ભાગ્યોદય કો. ઓ. બેંક લીમીટેડ દ્વારા ૫૦૦ લીટર છાશનું વિતરણ કરવામાં આવ્યું

ધી ભાગ્યોદય કો.ઓ.બેક લીમીટેડ દ્વારા માનસી સર્કલ પાસે ૫૦૦ લીટર છાશનું વિતરણ કરાયું રીક્ષાચાલક ટેમ્પોચાલક પેડલ રીક્ષાચાલક રોડસાઈડ આવતાં લોકોને ઠંડક મળે તે હેતુથી અંદાજે ૫૦૦ લીટર છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### બાળકોનો પ્રિય બિટ્ટુ બહાનેબાઝની શહેરમાં જન્મદીવસની ઉજવણી કરવામાં આવી

બાળકોનો પ્રિય બિટ્ટુ બહાનેબાઝની શહેરમાં જન્મદીવસની ઉજવણી કરવામાં ાઅવી. આ ઉજવણી વેદાંત ઈન્ટરનેશનલ સ્કુલની શરૂ થઈ હતી અને બીઆરટીએસ સાથ ચેરીટેબલ ટ્રસ્ટ અને અનેક કોમ્યુનીટી એકિટવીટી હબ સહીત મુખ્ય સ્થળોએ ચાલુ રહી હતી.

### રેવા સંગમ કલબ દ્વારા કલબના સભ્યોને સીપીઆર વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી

સાથ સહકાર ફાઉન્ડેશન સાથે સંકળાયેલા રેવા સંગમ કલમ દ્વારા હોસ્પિટલના સહયોગથી કલબના સભ્યોને ડોકટર યોગેશભાઈ ગુપ્તા દ્વારા સીપીઆર વિશે જાણકારી અને માહિતી એકદમ સરળ રીતે સમજાવીને આપવામાં આવી હતી.

### સીનીયર સીટીઝન વિકાસ મંડળ ચાંદખેડા દ્વારા ફૂટબોલ દિવસની ઉજવણી કરવામાં આવી

સીનીયર સીટીઝન વિકાસ મંડળ ચાંદખેડા દ્વારા થાઈરોઈડ અને ફુટબોલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ આયોજનમાં વડીલોને થાઈરોઈડ થી બચવાના ઉપાયો વિશે માહિતી પ્રવીણભાઈ દ્વારા આપવામાં આવી હતી.

### અધિક માસમાં સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય તે માટે મહાપુજા તેમજ શાંતિ પાઠ કર્યા

શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન મણીનગર દ્વારા શ્રી મુકતજીવન સ્વામીબાપા વિશ્વશાંતી કેન્દ્ર ખાતે શ્રી સ્વામીનારાયણ ભગવાનની સાનીધ્યમાં પુરુષોત્તમ માસ અધિક માસમાં સમગ્ર વિશ્વમાં શાંતી સ્થપાય તે નિમીત્તે મહંત સગદુરુ શાસ્ત્રી શ્રી ભગવત્પિદાસજી સ્વામી સંતવૃંદ તેમજ હરીભકતોના સમુહમાં મહાપુજા તેમજ શાંતી પાઠ કર્યા હતા.

### 'મા ઉમિયાધામ' કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલયનો લોકાર્પણ સમારોહ યોજવામાં આવ્યો

સોલા ભાગવત સ્થિત 'મા ઉમિયાધામ' કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલયનું લોકાર્પણ સમારોહ યોજવામાં આવ્યો હતો. તેમાં ગૃહમંત્રી અને સહકારીતા અમીતભાઈ શાહ, મુખ્ય મહેમાન ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા.

---

**ફલેવર્ડ હુકકા સાથે નશીલા પદાર્થોની તપાસ**

## અમદાવાદ અને ગાંધીનગરના ત્રણ હુકકાબારમાં ડીજી સ્કવોડના દરોડા

**(એજન્સી)અમદાવાદ,** અમદાવાદ-ગાંધીનગર વિસ્તારમાં હુકકાબારનું દુષણ સતત વધી રહયું છે. ત્યારે ડીજીપી સ્કવોડે શુક્રવારે રાત્રે સામુહીક દરોડા પાડયા છે. ત્રણથી વધુ હુકકાબાર ઉપર દરોડામાં નશીલા પદાર્થોના ઉપયોગને અંગે તપાસ ચાલે છે.

વર્ષો પછી ફરી એક વખત અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારમાં બેરોકટોક ધમધમતા હુકકાબાર ઉપર પોલીસે કાર્યવાહી આરંભી છે. શુક્રવારે રાત્રે આઈપીએલ મેચ સાથે હુકકાની જયાફત ઉડાવાઈ રહી હતી. ત્યારે અમદાવાદ ગાંધીનગરના હુકકાબાર્સ ઉપર ડીજીપી સ્કવોડને ટીમો ત્રાટકી હતી. સિંધુ ભવન રોડ એલીસબ્રીજ અને ગાંધીનગરના ઝુંડાલ સર્કલ પાસે આવેલા ત્રણ હુકકાબારમાં ડીજી સ્કવોડની ત્રણ ટીમોએ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં દરોડા પાડયા હતા. મેચની રજા સાથે નશીલા પદાર્થો સાથેના હુકકા અથવા તો અન્ય કોઈપણ પ્રકારનો નશો કરાયા અંગે પોલીસ ટીમોએ તપાસ આરંભી છે. નોધનીય છેકે હુકકાબકારમાં નિકોટીનકે અન્ય નશીલાપદાર્થો મિશ્રિત ફલેવર્સનો ઉપયોગ થઈ રહયાની ફરીયાદો સતત વ્યાપક બની હતી. અમુક હુકકાબારના મોડીરાત્રે અન્ય નશીલા પદાર્થોનો ઉપયોગ થઈ રહયાની સંભાવના પણ વ્યકત થઈ રહી હતી. અમદાવાદ અને ગાંધીનગર પોલીસની ઓછી સક્રીયતા વચ્ચે સ્ટેટ વીજીલન્સ સ્કવોડની ટીમોએ હુકકાબાર ઉપર

સાગમટે દરોડા પાડતા યુવક-યુવતીઓમાં દોડધામ મચી જવા પામી હતી.

---

**ડીઆરએમ ઓફિસમાં યોજાયેલી બેઠકમાં સ્ટેશનોની વાસ્તવિકતા રજૂ**

## પાણી નથી, ઠેરઠેર ગંદકી, બંધ લિફ્ટ: શહેરનાં રેલવે સ્ટેશનોમાં આ હાલત છે

### કાલુપુર સ્ટેશન પર બંધ કૂલર તાત્કાલિક ચાલુ કરવા સૂચના અપાઈ

**(એજન્સી)અમદાવાદ,** ઉનાળામાં કાલુપુર સહીત મણીનગર અસારવા જેવાં રેલવે સ્ટેશન પર પેસેન્જરનો ઠંડુ પીવાનું પાણી મળતું નથી. તો મણીનગર રેલવે સ્ટેશને ગંદકી, બંધ પાર્કીગ લીફટ, પાણી, બુકીગ ઓફીસની સમસ્યથી મુસાફરો ભારે હાલાકી ભોગવી રહયા છે.ડીઆરએમ ઓફિસમાં ડીઆરએમ વેદ પ્રકાશના અધ્યક્ષસ્થાને યોજાયેલી ડીઆરયુસી ડીવીઝનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેવી કમીટી ની બેઠકમાં સભ્યોએ રેલવે પ્રશાન સામે આક્રોશ વ્યકત કર્યો હતો. સ્ટેશનો પર મોટા ભાગનાં વોટર કુલર બંધ હોવાની રજુઆત બાદ ડીઆરએમએસ ચાલુ મીટીગમાં તાત્કાલીક અસરથી ઉચ્ચ અધિકારીને કાલુપુર સ્ટેશન પર દોડાવી તમામ કુલરો વહેલી તકે ચાલુ કરાવી પુરતું પાણી આપવા કડક સૂચના આપી હતી.

મણીનગરના પુર્વ ભાગમાં ટીકીટ બારી કયારે ?સમીતી સભ્ય દીલીપ પંડયાએ મણીનગર સ્ટેશનની સમસ્યા રજુ કરતા જણાવ્યું કે, બુલેટ ટ્રેનની કામગીરીને પગલે મણીનગર સ્ટેશન પર પાર્કીગ સુવિધા બંધ છે. સ્ટેશન પર ગંદકી પાણીથી પુરતી વ્યવસ્થા કરવા સાથે પૂર્વ તરફ ફુલટાઈમ ટીકીટ બારી શરૂ કરવા માગ કરી હતી. એક પ્લેટફોર્મને બીજા પ્લેટફોર્મ પર જવા પર માટે ભારે હાલાકી પડતી હોવાથી વહેલી તકે લીફટ લગાવવા અને મુંબઈથી આવી વટવા અને ટમ્પીગ થતી કર્ણાવતી એકસને મણીનગર સુધી લંબાવવા રજુઆત કરી હતી.

---

**બીજી વખત રૂપિયા માંગતા ભાંડો ફૂટયો**

## કેન્યામાં રહેતા વૃદ્ધનું વોટસએપ હેક કરીને ગઠિયાએ તેના મીત્ર પાસેથી રૂપિયા પડાવ્યા

**(એજન્સી)અમદાવાદ,** કેન્યામાં રહેતા વૃદ્ધનું વોટસએપ હેક કરીને ગઠીયાએ તેમના મીત્ર પાસેથી ૩૦ હજાર રૂપિયા પડાવ્યાનો મામલો સામે આવ્યો છે. સોલા સાયન્સ સીટીમાં આવેલ સાગા એસ્ટીન એપાર્ટમેન્ટમાં રહેતા ૬૫ વર્ષીય સુરેશભાઈ પટેલે નોધાવેલી ફરીયાદને અનુસાર થોડા દિવસ પહેલા તેમના વોટસએપ પર કેન્યા નૌરોબીમાં રહેતામીત્ર ધનજીભાઈ રાગવાણીનો મેસેજ આવ્યો હતો કે રૂા.૩૦ હજારની તાત્કાલીક જરૂર છે. અને તેમણે કયુઆર કોડ મોકલી આપતા નાણાં ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યારબાદ ફરીથી બીજા રૂા.૩૦ હજાર માંગ્યા હતા. જેથી સુરેશભાઈએ વોટસએપ કોલ કર્યો હતો. પણ ધનજીભાઈને ફોન રીસીવ ન કરતા તેમનો પરીવારના અન્ય સભ્યને કોલ કર્યો હતો ત્યારે જાણવા મળ્યું હતું કે કોઈએ ધનજીભાઈનું વોટસએપ હેક કરીને ભારતમાં રહેતા તેમના મિત્રો અને સગાઓને મેસેજમાં કયુઆર કોડ મોકલીને નાણાં પડાવવાનું શરૂ કર્યું છે. આ અંગે બોડકદેવ પોલીસે અજાણ્યા ગઠીયા સામે ગુનો નોધીને તપાસ શરૂ કરી છે.

---

# શહેરમાં વાયુ પ્રદુષણ-ગરમી ઘટાડવા વ્યાપક વૃક્ષારોપણ કરવા મેયરની સૂચના

### મેયર સહિતનાં હોદેદારોએ ચોમાસામાં વૃક્ષારોપણ માટે પ્લાન્ટેશન સ્થળોની મુલાકાત લીધી

**(એજન્સી)અમદાવાદ,** શહેરમાં વધેલાં વાયુ પ્રદુષણ અને ગરમીનાં પ્રમાણેને ઘટાડવા માટે વ્યાપક વૃક્ષારોપણ કરવા અને તેની યથાયોગ્ય જાળવણી કરી મોટા હરીયાળા વૃક્ષોથી અમદાવાદને ગ્રીન સીટી બનાવવા માટે મેયર હિતેશભાઈ બારોટે તેમને તાકીદ કરી હતી.મ્યુનિ.તંત્ર દ્વારા આગામી ચોમાસામાં શહેરમાં જુદાજુદા વિસ્તારોમાં મ્યુનિ. પ્લોટ, બાગબગીચા તળાવોની ખુલ્લી જગ્યા. મ્યુનિ. કચેરીઓની ખુલ્લી જગ્યા જીઆઈડીસી અને શાળા કોલેજો વગેરેની ખુલ્લી જગ્યામાં ૫૦ લાખ રોપા વાવવાનું અભિયાન છેડવાની જાહેરાત કરવામાં આવી છે. મેયર હિતેશભાઈ બારોટે જણાવ્યું હતું કે અમદાવાદ શહેરનું ગ્રીન કવર વધારીને વિકાસ તરફ આગેકુચ માટે વૃક્ષારોપણ મહત્વનું અભિયાન છે. અને તેમાં તમામ નાગરીકોએ સ્વૈચ્છીક રીતે જોડાવું જોઈએ. તેમણે કહયું કે, દક્ષીણ ઝોનમાં લાંભા વોર્ડમાં સીઈપીટી કંપનીપાસેના મ્યુનિ. પ્લોટ ખાતે મીશન થ્રી મીલીયન ટ્રીઝ અંતર્ગત અંદાજે ૪.૬૦ લાખ અને મીશન ફોર મીલીયન ટ્રીઈટ અંતર્ગત ૧૭.૪૦ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. તેનું તેમજ લાંભા વોર્ડમાં જ જિંદાલ કંપની પાસેના મ્યુનિ. પ્લોટમાં ૭૯ હજારથી વધુ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. તેનું મ્યુનિ. હોદેદારોએ સાથે નિરીક્ષણ કર્યુ હતું.

ચાલુ વર્ષે અભિયાન અંતર્ગત અંદાજે ૨.૧૦ લાખ નવા રોપાના વાવેતરનું આયોજન કરવામાં આવ્યું છે. જેના માટેની પુર્વ તૈયારીઓ હાલમાંપ્રગતી હેઠળ છે. આ આયોજન અંતર્ગત ચાલી રહેલીકામગીરીની સમીક્ષા કરતાં તેમણે બગીચા ખાતાનાં અધિકારીઓને વૃક્ષારોપણ બાદ રોપાની યોગ્ય જાળવણી કરી તેને મોટા ઘટાદાર વૃક્ષો બનાવવાની મહેનત કરી શહેરીજનોનાં ભવીષ્યને લીલુછમ બનાવવાની સુચના આપી હતી.

---

# અસારવાની ઐતિહાસિક માતર ભવાની વાવના જીર્ણોદ્ધારનો પ્રારંભ, ASI કરશે રૂ. ૫૦ લાખના ખર્ચે સંરક્ષણ કાર્ય

અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી અને રાષ્ટ્રીય સંરક્ષિત સ્મારક તરીકે ઓળખાતી ઐતિહાસિક માતર ભવાની વાવના સંરક્ષણ અને જીર્ણોદ્ધાર માટે ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા રૂ. ૫૦ લાખના ખર્ચે પુનઃસ્થાપન કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. થોડા મહિના અગાઉ વાવમાં તિરાડો પડવાના સમાચાર સામે આવ્યા બાદ રાજયના મંત્રી દર્શનાબેન વાઘેલાએ આ બાબતમાં અંગત રસ દાખવી ભારતીય પુરાતત્વ વિભાગને વાવના સંરક્ષણ અને જરૂરી મરામત કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી.

આ પહેલના અનુસંધાને ASI દ્વારા વાવના સંરક્ષણ અને ઐતિહાસિક વારસાના જતન માટે રૂ. ૫૦ લાખના ખર્ચે જીર્ણોદ્ધાર કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ કામગીરીના ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન શનિવારે કરવામાં આવ્યું હતું, જેમાં રાજયના મંત્રી દર્શનાબેન વાઘેલા મુખ્ય ઉપસ્થિતિમાં રહ્યા હતા.

માતર ભવાની વાવ અમદાવાદના મહત્વપૂર્ણ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસામાં સ્થાન ધરાવે છે. વાવમાં તિરાડો પડવાના અહેવાલો સામે આવ્યા બાદ તેના અસ્તિત્વ અને સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

હવે ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા હાથ ધરાયેલી જીર્ણોદ્ધાર કામગીરીથી આ ઐતિહાસિક સ્મારકનું સંરક્ષણ સુનિશ્ચિત થશે અને ભાવિ પેઢીઓ માટે શહેરની આ અમૂલ્ય ધરોહર વધુ સુરક્ષિત રીતે જળવાઈ રહેશે.

વારસાપ્રેમીઓએ પણ આ કામગીરીને આવકારતા જણાવ્યું હતું કે, માતર ભવાની વાવ જેવા ઐતિહાસિક સ્મારકોનું સંરક્ષણ શહેરની સાંસ્કૃતિક ઓળખ જાળવવા માટે અત્યંત જરૂરી છે. છજીૈં દ્વારા શરૂ કરાયેલ રૂ. ૫૦ લાખના જીર્ણોદ્ધાર પ્રોજેકટથી વાવની મૂળ ઐતિહાસિક રચના અને સ્થાપત્ય વૈભવને જાળવી રાખવામાં મહત્વપૂર્ણ મદદ મળશે. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના મેયર હિતેશભાઈ બારોટ, અમદાવાદના સાંસદ દિનેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશભાઈ પટેલ, પક્ષના નેતા જશુભાઈ ઠાકોર તેમજ અસારવા અને શાહીબાગ વોર્ડના કોર્પોરેટરો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---

**વિધાનગરની એ. આર. ફાર્મસી કોલેજની છાત્રાનું સ્નાયુમાં ઉપયોગી દવાના પરીક્ષણમાં સંશોધન**

# પેટલાદની ફીઝાએ દવા પરીક્ષણમાં સંશોધન કરી પેટન્ટ મેળવી, ઢીલાં પડેલા સ્નાયુને ફરીથી કાર્યક્ષમ કરતી દવાનીગુણવત્તા ચકાસતી પદ્ધતિ

**(એજન્સી)આણંદ,** વિધાનગરની એ આર કોલેજ ઓફ ફાર્મસી અને જી. એચ પટેલે ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસીની વિધાર્થીનીઓ સ્નાયુમાં ઉપયોગી દવાઓના પરીક્ષણની નવી પદ્ધતિ માટે સંશોધનમાં પેટનન્ટ મેળવી હતી. માયસ્થનીયા ગ્રેવીસ જેવી બીમારીમાં નબળા પડી જતા કે ઓપરેશન બાદ ઢીલા પડી ગયેલા સ્નાયુઓને ફરીથી કાર્યરત કરવા તેમજ મજબુત બનાવવા નિથ્વોસ્ટીઅઈન મિલાઈલ સલ્ફેટ દવા ઉપયોગમાં લેવાય છે.

આ દવાનું પરીક્ષણ કરવું ખુબ જટીલ ખર્ચાળ અને મુશ્કેલ હોય છે. ત્યારે પ્રથમ વખત માસ્ટર ઓફ ફાર્મસીના અભ્યાસ કરતી વિધાર્થીની ફીઝા સૈયદે આ દવાનું પરીક્ષણ એચપીટીએલસી ટેકનીકલ ઉપયોગ કરીને પુર્ણ કર્યુ હુતં. એચપીઆઈટીસી પદ્ધતિથી પરીક્ષણમાં દવાની ગુણવત્તા અને સ્થિરતા સમજી શકાય છે.

ફીઝાએ ૯ મહીનાના સમયગાળામાં ઓછી ખર્ચાળ સરળ અને વધુ અસરકારક નવી પરીક્ષણ પદ્ધતિ વિકસાવી હતી. તેઓએ એસીડ બેઈઝ સુર્યપ્રકાશ અને એકિસડેટીવ જેવી સ્થિતીમાં પરીક્ષણ કર્યુ હતું. જેથી કેવા વાતાવરણમાં દવા પર કેવી અસર થાય છે. તેમજ આ સમયમાં દવા કે તેમાં રહેલા કોઈ ઘટક ખરાબ થાય છે. કે કેમ તે રીસર્ચ કર્યુ હતું. આ સંશોધનથી ફાર્મા કંપનીઓ ઓછા ખર્ચ દવાની ગુણવત્તા જાળવી શકશે. જેનાથી દર્દીઓને સુરક્ષીત અને અસરકારક દવાઓ મળી રહેશે. તેમજ આ નવી પદ્ધતિ થી સંશોધનકર્તાએ પણ મદદ મળી રહેશે.

---

## ગિફ્ટ સિટીમાં કરોડોના કૌભાંડના સૂત્રધાર ઉત્પલ પટેલની પત્ની એરપોર્ટ પર ઝડપાઈ

**(એજન્સી)ગાંધીનગર,** ગાંધીનગર સ્થિત ગિફ્ટ સીટીમાં શુટસ્પેસ ડીજીટલ પ્રાઈવેટ લીમીટેડ દ્વારા ડેટા સ્ટોરેજ સ્પેસ ભાડે આપવાના નામે ચાલતા કૌભાંડના ગુનાના મુખ્ય સુત્રધાર ઉત્પલ પટેલની પત્નીભુમી પટેલની આજે અમદાવાદ એરપોર્ટ પરથી પોલીસે ધરપકડ કરી છે. તેની સાથે કુટુંબી સાળા ધ્રુવ ચૌધરીને જડપી લેવાયો છે. જોકે ભુમી હાથમાં આવી જતાં હવે નજીકના દિવસોમાં ઉત્પલની ધરપકનો માર્ગ મોકળો બન્યો હોવાનું પોલીસનું અનુમાન છે.આરોપીઓએ ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રતનપુર ગામની સીમમાં ડબલ્યુટીસી કોમ્પલેક્ષ ખાતે શુટરસ્પેસ ડીજીટલ પ્રાઈવેટ લીમીટેડ નામની કંપની શરૂ કરી હતી. રોકાણકારોને આકર્ષવા માટે કોમપ્યુટર ડેટા સ્ટોરેજના સર્વરો ઉભા કરી નફાની ખોટી વિગતો દર્શાવતી લોભામણી જાહેરાતો કરી હતી. ટેરાબાઈટ સ્પેસ ખરીદનારા રોકાણકારોને નિયમીત ભાડું ચુકવવાનો વાયદો કરવામાં આવ્યો હતો. જોકે કંપની પાસે યોગ્ય ક્ષમતામાં સર્વર ન હોવા છતાં લોકો પાસે રોકાણ કરાવી તે નાણાં કલાઉજી ટેકનોલોજી લીમીટેડ અને હેરી હોસ્પિટાલીટી એન્ડ લીઝર લીમીટેડ નામની અન્ય કંપનીઓમાં ટ્રાન્સફર કરી ઉચાપત કરી હતી. આ કૌભાંડ અંગે ડભોડા પોલીસમાં છેતરપીડી અને વિશ્વાસઘાત સહીત જીપીઆઈડી એકટ તથા અનરેગ્યુલેટેડ ડીપોઝીટ સ્કીમ્સ પ્રતીબંધક એકટ હેઠળ ગુનોદાખ કરી એએસપી આયુષ જૈનના માર્ગદર્શન હેઠળ ખાસ તપાસ દળ એસઆઈટી ની રચના કરવામાં આવી છે.

---

## બિગબ્લોક કન્સ્ટ્રકશને વર્ષ ૨૦૨૫-૨૬નાં ચોથા ત્રિમાસિકમાં રૂ. ૮૬.૯૩ કરોડની આવક નોંધાવી

સુરત, ભારતમાં એરેટેડ ઓટોક્લેવ્ડ કોંક્રિટ બ્લોક્સ, ઈંટોના સૌથી મોટા મેન્યુફેક્ચરર્સ પૈકીનાં એક, બિગબ્લોક કન્સ્ટ્રક્શન લિમિટેડે માર્ચ ૨૦૨૬નાં અંતે પૂરા થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૬નાં ચોથા ત્રિમાસિક માટે કન્સોલિડેટેડ રૂ. ૮૬.૯૩ કરોડની કામગીરીમાંથી આવક નોંધાવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં નોંધાયેલા રૂ. ૬૪.૫૯ કરોડની તુલનામાં વાર્ષિક ૩૪.૬%ની વૃદ્ધિ દર્શાવે છે.

માર્ચ ૨૦૨૬માં પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે, કામગીરીમાંથી આવક રૂ. ૨૮૩.૪૨ કરોડ નોંધાઈ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૨૨૪.૬૪ કરોડની સરખામણીમાં વાર્ષિક ધોરણે ૨૬.૨% ની મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.

કંપનીના પર્ફોર્મન્સ અંગે વાત કરતા, બિગબ્લોક કન્સ્ટ્રકશન લિમિટેડના ડિરેક્ટર અને સીએફઓ શ્રી મોહિત સાબૂએ જણાવ્યું કે, ×કંપનીએ ત્રિમાસિક અને નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન આવકમાં સ્થિર વૃદ્ધિ નોંધાવી છે, જે સુધારેલ કાર્યક્ષમતા અને મુખ્ય બજારમાં સ્થિર માંગ દ્વારા સમર્થિત છે. વર્ષ દરમિયાન, અમે કન્સ્ટ્રક્શન કેમિકલ સેગમેન્ટમાં વિસ્તરણ દ્વારા અને ટકાઉ કામગીરી પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને અમારા બિઝનેસને મજબૂત બનાવ્યો છે. ભારતમાં સસ્ટેનેબલ બિલ્ડિંગ મટિરિયલ્સનાં વધતા ઉપયોગ સાથે, અમે લોંગ-ટર્મ ગ્રોથ પર વિશ્વાસ રાખીએ છીએ.

---

## લિંકન ફાર્માસ્યુટિકલ્સ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૭૦૪.૪૮ કરોડની કુલ આવક નોંધાવી

અમદાવાદ, ભારતની અગ્રણી હેલ્થકેર કંપનીઓ પૈકીની એક, લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ એ ૩૧ માર્ચ ૨૦૨૬નાં રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે રૂ. ૮૭.૮૯ કરોડનો કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૮૨.૩૫ કરોડનાં નેટ પ્રોફિટની તુલનામાં ૬.૭૪%ની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે કામગીરીમાંથી આવક રૂ. ૭૦૪.૪૮ કરોડ નોંધાઈ છે.

કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૧૦ પ્રતિ શેરની ફેસ વેલ્યૂ પર રૂ. ૧.૮૦ પ્રતિ શેર એટલે કે ૧૮% ડિવિડન્ડની ભલામણ કરી છે. ફાયનાન્સિયલ પર્ફોર્મન્સ અને ફ્યુચર પ્લાન્સ વિશે વાત કરતા, લિંકન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના ડિરેકટર શ્રી મુંજાલ પટેલે જણાવ્યું હતું કે, ×મજબૂત માંગ, કાર્યક્ષમતા અને માર્કેટ્સમાં સતત સફળ એક્ઝિક્યુશન થકી હેલ્ધી ગ્રોથ સાથે નાણાકીય વર્ષ ૨૦૨૬નાં પરિણામો જાહેર કરતા અમને આનંદ થાય છે. અમે અમારા પ્રોડકટ પોર્ટફોલિયોને મજબૂત બનાવવા, અમારી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ હાજરીને એક્સપાન્ડ કરવા અને રિસર્ચ તથા મેન્યુફેક્ચરિંગ કેપેબિલિટીઝમાં રોકાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

---


## સોનમ લિમિટેડ

(પહેલાનું નામ સોનમ કલોક લિમિટેડ)
રજી.ઓફીસ સર્વે નં.૩૩૭/પૈ. મોરબી રાજકોટ હાઇવે, લજાઇ, તા.ટંકારા, જીલ્લો : મોરબી-૩૬૩૬૪૧
ફોન : +91 2822 285017
વેબસાઇટ : www.sonamquartz.com, ઇ-મેઇલ : info@sonamquartz.com
સીઆઇએન : L33302GJ2001PLC039689

**31 મી માર્ચ, 2026 ના રોજ પુરા થયેલા ત્રિમાસિક અને વાર્ષિક સ્ટેન્ડઅલોન ઓડીટ કરાયેલા નાણાકીય નિવેદનોનો ઉતારો**

| | વિગત | સ્ટેન્ડઅલોન કવાર્ટર સમાપ્ત | | | સ્ટેન્ડઅલોન વર્ષ સમાપ્ત | |
|---|---|---|---|---|---|---|
| | | ૩૧.૦૩.૨૦૨૬ ઓડિટેડ | ૩૧.૧૨.૨૦૨૫ અનઓડિટેડ | ૩૧.૦૩.૨૦૨૫ અનઓડિટેડ | ૩૧.૦૩.૨૦૨૬ ઓડિટેડ | ૩૧.૦૩.૨૦૨૫ ઓડિટેડ |
| 1 | કામગીરીમાંથી કુલ આવક (નેટ) | ૬૩૬૫.૨૨ | ૩૮૧૨.૦૫ | ૩૧૭૦.૮૩ | ૧૭૦૯૯.૩૬ | ૧૦૪૧૩.૮૯ |
| 2 | અપવાદરૂપ અને અસાધારણ વસ્તુઓ અને કર પહેલાંના સમયગાળા માટે નફો/(નુકસાન) | ૪૨૮.૮૨ | ૨૯૨.૭૫ | ૨૧૪.૨૮ | ૧૦૨૩.૦૧ | ૮૬૮.૨૪ |
| 3 | અપવાદરૂપ આઇટમ પછી કર પહેલાંના સમયગાળા માટે નફો / (નુકસાન) | ૪૨૮.૮૨ | ૨૯૨.૭૫ | ૨૧૪.૨૮ | ૧૦૨૩.૦૧ | ૮૬૮.૨૪ |
| 4 | અપવાદરૂપ વસ્તુ પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) | ૨૮૯.૫૯ | ૨૨૦.૩૧ | ૧૬૯.૫૮ | ૭૩૨.૨૪ | ૬૩૩.૨૮ |
| 5 | સમયગાળા માટે કુલ વ્યાપક આવક તે સમયગાળા માટે નફો / (નુકસાન) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી) | ૨૮૯.૫૯ | ૨૨૦.૩૧ | ૧૬૯.૫૮ | ૭૩૨.૨૪ | ૬૩૩.૨૮ |
| 6 | ઇક્વિટી શેર કેપીટલ (Rs.) (મુળ કિંમત રૂા.૫/- દરેક શેરની) | ૨૦,૦૧,૬૦,૦૦૦ | ૨૦,૦૧,૬૦,૦૦૦ | ૨૦,૦૧,૬૦,૦૦૦ | ૨૦,૦૧,૬૦,૦૦૦ | ૨૦,૦૧,૬૦,૦૦૦ |
| 7 | અનામત અને સરપ્લસ (રિવેલ્યુએશન અનામત સિવાય) | ૩૯૧૪.૬૭ | ૩૬૬૯.૩૭ | ૩૦૬૬.૪૫ | ૩૯૧૪.૬૭ | ૩૦૬૬.૪૫ |
| 8 | ઇક્વિટી શેર દીઠ કમાણી રૂ. (અપવાદરૂપ અને અસાધારણ વસ્તુઓ પછી) | | | | | |
| | 1. બેઝિક | ૦.૭૨ | ૦.૫૫ | ૦.૪૨ | ૧.૮૩ | ૧.૫૮ |
| | 2. ડાઇલ્યૂટેડ | ૦.૭૨ | ૦.૫૫ | ૦.૪૨ | ૧.૮૩ | ૧.૫૮ |

Notes :
1. ઉપરના ઓડિટ કરાયેલા પરિણામોની સમીક્ષા ઓડિટ કમિટી દ્વારા અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજુરી તેમની સંબંધિત બોર્ડ મીટીંગમાં 29 મી મે, 2026 ના રોજ કરવામાં આવી હતી.
2. નાણાકીય પરિણામો કંપનીઝ, એક્ટ, 2013 ની કલમ 133 અને અન્ય હિસાબી સિદ્ધાંતો અને નીતિઓ લાગુ પડે તેટલી હદ સુધી કંપનીઝ (ભારતીય એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડસ) નિયમ, 2015 (IndAS) અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે.
3. સેબી (LODR) રેગ્યુલેશન્સ, 2015 ના નિયમન 33 હેઠળ 31 માર્ચ, 2026 ના રોજ પુરા થયેલા ત્રિમાસિક અને વર્ષ માટેના સ્ટેન્ડઅલોન ઓડિટેડ નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો એક ઉતારો છે. સંપુર્ણ સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામો સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.nseindia.com; અને કંપનીની વેબસાઇટ www.sonaquartz.com પર ઉપલબ્ધ છે.

Place : લજાઇ
Date : મે 29, 2026

સોનમ લિમિટેડ માટે
Sd/-
જયેશ છબીલદાસ શાહ
મેનેજીંગ ડિરેક્ટર
DIN:00500814

# મ્યુલ બેંક એકાઉન્ટ કૌભાંડના નીરવ શાહના જામીન ફગાવ્યા

**(એજન્સી) અમદાવાદ,**
કરોડો રૂપિયાના નાણાકીય કૌભાંડ અને મ્યુલ એકાઉન્ટસ ચલાવવાના ગંભીર કેસમાં આરોપી નીરવકુમાર રાજેન્દ્રભાઈ શાહની જામીન અરજી એડીશનલ સેશન્સ જજ જયેશકુમાર આઈ.પટેલે ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યું છે કે, આરોપીએ અન્ય સહઆરોપીઓ સાથે મળીને કાવતરું રચીને મોટા પ્રમાણમાં મ્યુલ બેંક ખાતાઓ ખોલવાવ્યા હતા. આવા મ્યુલ એકાઉન્ટસની વિગતો આરોપીના જ મોબાઈલ ફોનમાંથી મળી આવી છે. આ ખાતાઓનો ઉપયોગ કરીને નેટ બેંકીગ અને મોબાઈલ બેંકીગ દ્વારા મોટા પાયે શંકાસ્પદ નાણાકીય ટ્રાન્ઝેકશન કરવામાં આવ્યા છે.

પ્રાથમીક દ્રષ્ટિએ આરોપી આ આખા મ્યુલ એકાઉન્ટ નેટવર્કનો મુખ્ય સ્થાનીક ઓપરેટરો હોવાનું જણાય છે. આ કેસની તપાસ હજુ ચાલુ છે. અને અત્યંત મહત્વના તબક્કે છે. ગુનાની ગંભીરતા અને ડીજીટલ પુરાવાઓને જોતાં આરોપીઓને જામીન આપી શકાય નહી. કરોડો રૂપિયાના નાણાકીય કૌભાંડ અને મ્યુલ એકાઉન્ટસ ચલાવવાના ગંભીર કેસમાં આરોપી નીરવકુમાર રાજેન્દ્રભાઈ શાહની નારણપુરા પોલીસે ધરપકડ કરી હતી.

# ગોધરાના ચંદનબાગ ખાતે બે દિવસીય કલા પ્રદર્શનનું આયોજન કરાયું

**(પ્રતિનિધિ) ગોધરા,**
ગોધરા શહેરના ચંદનબાગ ખાતે કલાકાર આર્ટ્સ ગ્રુપ દ્વારા બે દિવસીય ભવ્ય કલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ગોધરા સહિત સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં કલાપ્રેમીઓ ઉપસ્થિત રહી સ્થાનિક કલાકારોની સર્જનાત્મક કૃતિઓનું નિહાળન કર્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અજય દહિયા અને ડીવાયએસપી બિન્દ્રાબા જાડેજા તથા ગોધરા નગરપાલિકા પ્રમુખ જશોદાબેન પ્રજાપતિ વિશેષ મહેમાન તરીકે હાજર રહ્યા હતા. તેમણે પ્રદર્શનમાં રજૂ કરાયેલી વિવિધ કલાકૃતિઓનું ઝીણવટપૂર્વક અવલોકન કરી કલાકારોની પ્રતિભાની સરાહના કરી હતી. સાથે જ ગોધરાની સ્થાનિક કલાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રદર્શનની ખાસિયત એ રહી કે તેમાં ૧૦ વર્ષના બાળ કલાકારથી લઈને ૬૫ વર્ષના વડીલ કલાકારો સુધીના સર્જકોને પોતાની કૃતિઓ રજૂ કરવાની તક મળી હતી. ગોધરાના આશરે ૨૫ જેટલા ઉભરતા કલાકારો તેમજ ૩૦થી વધુ અનુભવી અને ખ્યાતનામ આર્ટિસ્ટોએ વિવિધ વિષયો પર આધારિત કૃતિઓ પ્રદર્શિત કરી હતી, જેને મુલાકાતીઓએ ભારે પ્રશંસા આપી હતી.

આ પ્રદર્શનનું આયોજન સાગર સોની, ધનરાજભાઈ, દર્શનભાઈ, ડૉ. ઈશા ચોકસી, 'મહાવીર સેલ્સ એન્ડ ઈવેન્ટ્સ' તથા નીરવભાઈ પરમાર સહિતના આયોજકો દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજકોના જણાવ્યા મુજબ આ પ્રદર્શનનો મુખ્ય હેતુ ગોધરાના નાગરિકો, કલાકારો અને કલાપ્રેમીઓને એક મંચ પર લાવી કલાપ્રત્યે જાગૃતિ વધારવાનો અને સ્થાનિક પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાનો હતો.

# અતુલ ખાતે પર્વતારોહણ સ્પર્ધા યોજાઈ


(તસ્વીરઃ અશોક જોષી)

**(પ્રતિનિધિ) અતુલ,**
અતુલ ઉલ્હાસ જીમખાના આયોજીત પારનેરા ડુંગર ખાતે પર્વતારોહણ સ્પર્ધાની માહિતી આપતા ઉલ્હાસ જીમખાનાનાં જનારલ સેક્રેટરી શ્રી જે ડી પટેલે જણાવ્યુ હતું કે આ સ્પર્ધા માં અતુલ લિમિટેડ નાં કર્મચારીઓ અને તેમના પરિવારજનો મળી ટોટલ ૧૦૨ ખેલાડીશ્રીઓ એ ભાગ લીધો હતો. જેમાં ચાર ગ્રુપ પાડવામાં આવ્યા હતા, ૧૫ વર્ષથી નીચે ૧૫ વર્ષથી ૪૦ વર્ષ સુધી ૪૦ વર્ષથી ૫૫ વર્ષ સુધી ૫૫ વર્ષથી ઉપરના આ દરેક ગ્રુપમાં વિનર અને રનર અપ (સ્ત્રી/પુરુષ) સર્વ ને ૪ ઈનામો આપવાનું નક્કી કરેલ હતું. તે પૈકી ૧૫ વર્ષથી નીચેના ગ્રુપમાં વિયાન ભાટિયા, ધર્મા પટેલ અને ગૌરી યાદવ, આધ્યા હીરપરા, ૧૫ થી ૫૦ વર્ષના ગ્રુપમાં ધર્મેશ નાયકા, વેદ માંડલિયા, અને ઝીલ પટેલ, રોમા યાદવ, ૫૦ થી ૫૫ વર્ષના ગ્રુપમાં અલ્પેશ હીરપરા, અનિલ મિશ્રા, અને ઈલા પટેલ, સંધ્યા પટેલ ૫૫ વર્ષથી ઉપરના ગ્રુપમાં પ્રથમેશ ભટ્ટ, અરૂણ પટેલ, અને કલ્પના પટેલ, બેલા સીદિકિ. આ તમામ વિજેતા/ઉપવિજેતા ખેલાડીશ્રીઓને, ઉલ્હાસ જીમખાના પ્રેસિડેન્ટ શ્રી વિવેક ગદરે, જનરલ સેક્રેટરી શ્રી જે ડી પટેલ, શ્રી અંકિત મંકોડી, શ્રી જિતેન પટેલ, શ્રી રાજેશ મહેતા, શ્રી કેયુર મહેતા નાં શુભ હસ્તે ટ્રોફીઓ તથા રોકડ પુરસ્કાર એનાયત થયા હતા. આ ટૂર્નામેન્ટ ને સફળ બનાવવા માટે શ્રી હેમંત પટેલ, શ્રી પ્રકાશ બારોટ, શ્રી રોનક ભંડારી, શ્રી કિરણ પોખરકર, શ્રી મનોજ દીઘેનો વિશેષ ફાળો રહ્યો હતો.

# ગાંભોઈ પાસેના ખેડ મોતીપુરાના યુવકે ઝેરી દવા ઘટઘટાવી લેતાં મોત નિપજ્યું

**(પ્રતિનિધિ) હિંમતનગર,**
સાબરકાંઠામાં આજે પણ અનેક વ્યાજખોરો જરૂરીયાતમંદોનો ગેરલાભ ઉઠાવીને તગડુ વ્યાજ વસુલવા છતાં અવાર નવાર શારિરીક અને માનસિક ત્રાસ આપતા હોવાની ઘટનાઓ બની રહી છે ત્યારે હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ખેડ મોતીપુરા ગામના એક યુવકે વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને શનિવારે જંગલ વિસ્તારમાં જઈ વ્યાજખોરોએ આપેલા ત્રાસ અંગે સુસાઈડ નોટ લખીને ઝેરી દવા પી લીધી હતી જેથી આ યુવકનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.

આ અંગે સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ખેડ મોતીપુરા ગામના મહેન્દ્રસિંહ ચૌહાણ નામના એક યુવકે ગમે તે કારણસર થોડાક સમય અગાઉ રૂ.૫૦ હજારની જરૂરીયાત હોવાથી બલવંતસિંહ, રવિ અને અન્ય ફાઈનાન્સરો પાસેથી દર અઠવાડીયે ૧૦ ટકાના વ્યાજે રકમ લીધી હતી જોકે પરિવારજનોના આક્ષેપ મુજબ મહેન્દ્રસિંહએ લીધેલ રકમ વ્યાજ સહિત પરત ચુકવી દીધી હતી તેમ છતાં આ વ્યાજખોરોએ અવાર નવાર શારિરીક અને માનસિક ત્રાસ આપીને મહેન્દ્રસિંહ ચૌહાણનું જીવવું હરામ કરી દીધુ હતું.

ત્યારબાદ મહેન્દ્રસિંહ ચૌહાણે શનિવારે ત્રાસથી છુટકારો મેળવવાના આશયથી જંગલ વિસ્તારમાં ઝેરી દવાની બોટલ સાથે પહોંચી ગયા બાદ તેણે દવા પીતા અગાઉ વ્યાજખોરોના ત્રાસની વિગતો સાથેની ચીઠ્ઠી લખીને આપવીતી જણાવી હતી. ત્યારબાદ દવા પી લેતાં તેની તબીયત લથડી હતી જેથી સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા જયાં તેમનું મોત નિપજયું હતું.

મળતી માહિતી મુજબ મૃતકની ત્રણ દિકરી અને એક દિકરો છે જેથી પત્નિ સહિત આખા પરિવારનો મોભ જતો રહયો હોય તેવી લાગણી ખેડ મોતીપુરા ગામમાં રહેતા પરિવારે અનુભવી છે. સમગ્ર ઘટનાને લઈને આખુ ગામ શોકાતુર બની ગયું છે. હવે પ્રશ્ન એ થાય છે કે સાબરકાંઠાનું પોલીસ તંત્ર વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવાની બુમો પાડે છે ત્યારે ખેડ મોતીપુરા ગામે બનેલી આ ઘટના બાદ પોલીસ ફરીયાદ નોંધાયા પછી પોલીસ તંત્ર કેવી કાર્યવાહી કરે છે તે અંગે હાલના તબક્કે કંઈપણ કહેવું વહેલું છે. જો વ્યાજખોરો સામે દેખાવ પુરતી કાર્યવાહી કરીને પોલીસ તંત્ર સંતોષ માનશે તો હજુ પણ ભવિષ્યમાં અનેક પરિવારો વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને અજુગતુ પગલુ ભરે તો નવાઈ નહી.

## પંચમહાલ જિલ્લામાં ગણેશ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત
# મૂર્તિઓની ઉંચાઈ અને બનાવટ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

**ગોધરા,**
સમગ્ર પંચમહાલ જિલ્લામાં આગામી સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન ઉજવાનાર ગણેશ મહોત્સવ-૨૦૨૬ ને ધ્યાને લઈને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા તેમજ પર્યાવરણ અને પાણીનું પ્રદૂષણ અટકાવવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.જે.પટેલ દ્વારાજાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા અનુસાર, ગણેશ ઉત્સવ દરમિયાન સ્થાપના અને વિસર્જન પ્રક્રિયાને સુચારુ બનાવવા માટે નીચે મુજબના પ્રતિબંધો અને નિયમો લાગુ કરવામાં આવ્યા છે:

મૂર્તિની ઉંચાઈ મર્યાદાઃ મુખ્ય માર્ગો પર સી.સી.ટી.વી કેમેરા અને વીજ લાઈનોના પોલને કારણે વિસર્જનના રૂટ પર થતી અડચણોને ધ્યાને રાખીને, બેઠક સહિત ગણેશજીની મૂર્તિઓની મહત્તમ ઉંચાઈ ૦૯ (નવ) ફુટ કરતાં વધુ રાખી શકાશે નહીં. પી.ઓ.પી પર પ્રતિબંધઃ મૂર્તિઓની બનાવટમાં પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી), પ્લાસ્ટિક કે થર્મોકોલનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. મૂર્તિઓ માટે માત્ર કુદરતી રીતે સરળતાથી ઓગળી જાય તેવી પરંપરાગત ચીકણી માટીનો જ ઉપયોગ કરવાનો રહેશે. કેમિકલ યુક્ત રંગો પર મનાઈઃ ઝેરી કેમિકલવાળા કલરો કે રસાયણોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મૂર્તિના શણગાર માટે ફૂલોના કુદરતી રંગો, સળીયો અને કુદરતી ગુંદર જેવા પાણીમાં દ્રાવ્ય પદાર્થો વાપરવાના રહેશે. શણગાર અને વસ્ત્રો અંગે નિયમઃ મૂર્તિના શણગાર માટે સરળતાથી દૂર કરી શકાય તેવા ડિસ્પોઝીબલ વસ્ત્રોનો ઉપયોગ કરવો અને વિસર્જન વખતે આ વસ્ત્રો તથા શણગારને દૂર કર્યા બાદ જ મૂર્તિ વિસર્જિત કરવાની રહેશે.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**પ્લેટફોર્મના વિસ્તરણના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ**

**ટેન્ડર આમંત્રિત કરતી નોટીસ**
**EL/50/1/09(26-27) Dt.26/05/2026**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રીકલ), પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન નીચે જણાવેલા કામ માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટરો પાસે થી ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **અનું.નં.૧: ટેન્ડર નં. BRC-EL-P-07-2503-04-26-27. કામનું નામઃ** વડોદરા ડિવિઝન :- આણંદ ખાતે પ્લેટફોર્મ નં.૧ ના વિસ્તરણ અને આણંદ-ખંભાત સેક્શનમાં સ્ટેશનો ખાતે ૧૨ કોચ મેમુ ટ્રેનોને સમાયોજીત કરવા માટે પ્લેટફોર્મના ઉત્થાપનના સંબંધમાં ઈલેક્ટ્રીકલ કામ. **અંદાજીત પડતર (રૂા.):** ₹ ૧,૦૮,૩૫,૧૯૭.૫૬ **ઈએમડી (રૂા.):** ₹ ૨,૧૬,૭૦૦.૦૦ **ટેન્ડર ફી (રૂા.):** શૂન્ય, **ઈ-ટેન્ડર બંધ કરવાની તારીખઃ** ૨૨-૦૬-૨૦૨૬ **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in **ઓફિસનું સરનામુંઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર (પાવર) વડોદરા, પશ્ચિમ રેલવે, વડોદરા-૩૯૦૦૦૪.
BRC-072

અમને ફોલો કરો: DRMBRCWR • drm_vadodara

**UNICK FIX-A-FORM AND PRINTERS LTD.**

**CIN : L25200GJ1993PLCO19158**
**PH NO. +91 9978931303/04/05 E-mail: info@unickfix-a-form.com**
**Regd. Office:** Block No.472, Tajpur Road, Changodar, Tal: Sanand, Ahmedabad-382213

**EXTRACT OF THE STANDALONE AUDITED RESULTS FOR THE QUARTER AND FINANCIAL YEAR ENDED 31 ST MARCH,2026**
*(Rs. in Lacs)*

| SR. NO | PARTICULARS | QUARTER ENDED 31.3.2026 | QUARTER ENDED 31.3.2025 | QUARTER ENDED 31.12.2025 | YEAR ENDED 31.3.2026 | YEAR ENDED 31.3.2025 |
|---|---|---|---|---|---|---|
| | | Audited | Audited | Unaudited | Audited | Audited |
| 1 | Total Income from Operations (Net) | 1457.46 | 1329.78 | 1239.94 | 5890.71 | 5597.87 |
| 2 | Net Profit / (Loss) for the period before tax and Exceptional items | 11.05 | 142.07 | -87.58 | 113.07 | 351.49 |
| 3 | Net Profit / (Loss) for the period before tax and after Exceptional items | 11.05 | 142.07 | -87.58 | 113.07 | 351.49 |
| 4 | Net Profit for the period after Tax (after Extraordinary Items) | -21.82 | 103.98 | -55.56 | 85.18 | 261.04 |
| 5 | Total Comprehensive Income for the period | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| 6 | Equity Share Capital | 548.50 | 548.50 | 548.50 | 548.50 | 548.50 |
| 7 | Reserves(Excluding Revaluation Reserves as at balance sheet date) | 0.00 | 0.00 | 0.00 | 2867.40 | 2867.40 |
| 8 | Earning per Share-Basic (after extraordinary items) (of Rs. 10/- each) | -0.40 | 1.90 | -1.01 | 1.55 | 4.76 |
| | Earning per Share-Diluted (after extraordinary items) (of Rs. 10/- each) | -0.40 | 1.90 | -1.01 | 1.55 | 4.76 |

**Note:-**
(1) The above result is an extract of the detailed format of financial results for the quarter and year ended 31st March 2026 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (LODR) Regulation 2015. The full format of the Quarterly and yearly Financial Result as on 31st March 2026 is available on company website.
(2) The above audited Financial results for the quarter and year ended 31st March 2026 were reviewed by the Audit committee at their meeting held on 30th May 2026 and approved by the Board of Directors at their meeting held on 30th May,2026.
(3) The figures of the quarter ended 31st March 2026 and 31st March 2025 are the balancing figures between audited figures in respect of the full finanical year and the published unaudited year to date figures upto fourth quarter of the respective financial years.Also the figures upto the end of the third Quarter were only reviewed and not subjected to audit.

BY ORDER OF THE BOARD
FOR **UNICK FIX-A-FORM & PRINTERS LTD**
Hemen N. Vasa
WHOLETIME DIRECTOR
DIN: 00150717

**Place : Ahmedabad**
**Date : 30.05.2026**

**SUPER BAKERS (INDIA) LIMITED**

**(CIN : L74999GJ1994PLC021521)**
**Regd. Office:** Nr. Hirawadi Char Rasta, Anil Starch Mill Road, Ahmedabad - 380 025.

**EXTRACT OF STATEMENT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/ YEAR ENDED 31 ST MARCH, 2026**

The Board of Directors in their meeting held on 30th May, 2026, have approved and taken on record the Audited Financial Results for the year ended on 31st March, 2026 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.

The aforesaid Audited Financial Results for the year ended 31st March, 2026 along with Auditors Report thereon are available on website of BSE Limited at www.bseindia.com and also on Company website and can also be accessed by scanning below Quick Response Code:

Date: 30th May, 2026
Place : Ahmedabad

**For** SUPER BAKERS (INDIA) LIMITED
**Sd/- ANIL.S. AHUJA**
CHAIRMAN & MANAGING DIRECTOR
(DIN:00064596)

**ROBERT RESOURCES LIMITED**

**CIN: - L99999GJ1982PLC096012**
**REGD. OFF: - OFFICE NO 214, SECOND FLOOR, EVA-SURBHI COMMERCIAL COMPLEX, BHAVNAGAR BPTI,BHAVNAGAR-364002, GUJARAT, Contact No: +91- 6358905872**
**Email: -robertresourceslimited@gmail.comWebsite: - www.robertresources.com**

**Extract of Standalone and Consolidated Audited Financial Results for the Quarter and year ended on 31st March, 2026**
**(Rs. in Lakhs)**

| S. No. | Particular | Standalone | | | Consolidated | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | Year ended | Quarter ended | Quarter ended | Year ended | Quarter ended |
| | | 31-03-2026 | 31-03-2026 | 31-03-2025 | 31-03-2026 | 31-03-2026 | 31-03-2025 |
| | | (Audited) | (Audited) | (Audited) | (Audited) | (Audited) | (Audited) |
| 1. | Total income from operations (net) | 14.93 | 114 | 47.70 | 26.69 | 205.44 | 309.93 |
| 2. | Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (8.83) | (75.34) | (118.53) | (3.32) | (74.93) | (113.73) |
| 3. | Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (8.83) | (75.34) | (118.53) | (3.32) | (74.93) | (113.73) |
| 4. | Net Profit /(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (6.47) | (40.26) | (67.30) | (12.09) | (12.99) | (91.00) |
| 5. | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (45.38) | (83.83) | 64.28 | (49.33) | (46.97) | (15.02) |
| 6. | Equity Share Capital | 1024.50 | 1024.50 | 1024.50 | 1024.50 | 1024.50 | 1024.50 |
| 7. | Other Equity | | 714.52 | | | 1072.27 | |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - | | | | | | |
| | 1. Basic: | (0.06) | (0.39) | (0.66) | (0.12) | (0.13) | (0.89) |
| | 2. Diluted: | (0.06) | (0.39) | (0.66) | (0.12) | (0.13) | (0.89) |

***Notes:***
1. The above standalone and Consolidated audited financial results have been reviewed by the Audit Committee and thereafter approved by the Board of Directors of the Company in their respective meetings held on May 30, 2026. The audit as required under Regulations 33 of SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations,2015 has been completed by the statutory auditors of the company.
2. The standalone and Consolidated audited financial results for the quarter and year ended March 31, 2026 have been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 ( Ind AS) prescribed under section 133 of the Companies Act, 2013 and other recognized accounting practices and policies to the extent applicable.
3. During the previous financial year 2023-24, Interim Order were received from the Securities and Exchange Board of India ("SEBI") alleging non-compliance of provisions pertaining to wrongful gains transactions, the Company had consulted an independent law firm, and In its replies to SEBI, the Company has denied the charges in its entirety, inter alia, on the basis that these transactions are in full compliance with the prevailing laws and regulations. Company gone for appeal to challenge SEBI Interim order.
Pending outcome of the adjudications, the Company holds to its view of the validity of the nature and effect of the transactions. Accordingly, no adjustments have been made in the financial statements of the Company. Management is in the process of ascertaining the legal position of the Company for the possible cash outflow and its consequential impact on these Standalone Financial Statements.
4. Based on the nature and scale of activities carried on by the Company during the year, the provisions relating to registration under Section 45-IA of the Reserve Bank of India Act, 1934 may become applicable to the Company. The management has represented that the matter is under evaluation and appropriate steps, consultations and regulatory assessments are being undertaken in this regard. Pending completion of such process, the Company has not obtained registration under the aforesaid provisions as at March 31, 2026.
5. The Company/Group has not generated any revenue from operations during the year ended March 31, 2026 and continues to primarily depend upon other income comprising interest income, dividend income, and income from investments for sustaining its operations and meeting its financial obligations. Further, the Company has incurred cash losses during the current and previous financial year and is also subject to ongoing SEBI proceedings as referred in Note 3 above. These conditions indicate the existence of material uncertainty which may cast significant doubt on the Company's ability to continue as a going concern. However, the accompanying standalone financial results have been prepared on a going concern basis considering management's assessment of future business plans, realizable value of investments and financial support available to the Company.
6. The Company/Group operates in a single segment and in line with Ind AS - 108 - "Operating Segments", the operation of the Company fall under only one Business which is considered to be the only reportable business segment.
7. The Figures for the quarter ended March 31, 2026 and March 31, 2025 represent the difference between the audited figures in respect of the full financial year and the unaudited published year -to- date figures upto the third quarter of the respective financial year, which were subjected to limited review.
8. The figures for the previous period has been regrouped / re-arranged to make them comparable with the current period figures.
9. Consolidated audited financial results for the quarter and year ended March 31,2026 includes results of its subsidiary : Subsidiary Company :Tradedeal Enterprises Private Limited (Formerly Known As Tradedeal Financial Services Private Limited)

**Place : Bhavnagar.**
**Date : 30/05/2026**

**For, Robert Resources Limited**
**Sd/-**
**Jimitbhai Patel**
**Managing Director**
**DIN: 10309343**

**સાનબ્લ્યૂ કોર્પોરેશન લિમિટેડ**

CIN: L15400GJ1993PLC020073
**રજી. ઓફિસ : ૨૨ - એ, ગવર્મેન્ટ સર્વન્ટ સોસાયટી, મ્યુનિસિપલ માર્કેટ પાસે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯**
**Email : inquiry@sanbluecorporation.com • Website: www.sanbluecorporation.com**

**૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલાં ત્રિમાસિક અને વાર્ષિક નાણાકીય પરિણામોનો સારાંશ**
(શેર દીઠ માહિતી સિવાય, રૂ. લાખમાં)

| નં | વિગત | ત્રિમાસિક ગાળા | | | વાર્ષિક ગાળા | |
|---|---|---|---|---|---|---|
| | | અનઓડીટેડ | | | ઓડિટેડ | ઓડિટેડ |
| | | ૩૧.૦૩.૨૦૨૬ | ૩૧.૧૨.૨૦૨૫ | ૩૧.૦૩.૨૦૨૫ | ૩૧.૦૩.૨૦૨૬ | ૩૧.૦૩.૨૦૨૫ |
| ૧ | કુલ આવક | ૮૮.૦૬ | ૧૭૯.૬૧ | ૧૭૧.૦૩ | ૩૬૯.૭૮ | ૨૪૧.૬૬ |
| ૨ | ચોખ્ખો નફો/(નુકસાન) સમયગાળા/વર્ષ માટે (કર પહેલા, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ) | (૬.૭૭) | ૧૬.૩૭ | (૧.૯૫) | ૧૮.૩૦ | ૩૯.૯૬ |
| ૩ | ચોખ્ખો નફો/(નુકસાન) સમયગાળા/વર્ષ માટે (કર પહેલા, અપવાદરૂપઅને / અથવા અસાધારણ વસ્તુઓ) | (૬.૭૭) | ૧૬.૩૭ | (૧.૯૫) | ૧૮.૩૦ | ૩૯.૯૬ |
| ૪ | ચોખ્ખો નફો/(નુકસાન) સમયગાળા/વર્ષ માટે (કર પછી, અપવાદરૂપઅને / અથવા અસાધારણ વસ્તુઓ) | (૬.૮૧) | ૧૩.૮૨ | (૧.૯૫) | ૧૯.૦૨ | ૩૨.૯૬ |
| ૫ | કુલ વ્યાપક આવક સમયગાળા માટે (નફો)/(નુકસાન) નો સમાવેશ સમયગાળા માટે અને અન્ય વ્યાપક આવક (કર પછી) | (૧૨૫૩.૬૦) | ૫૯૬.૬૪ | (૧૫૫૫.૦૪) | (૧૮૪૮.૫૭) | (૩૬૯.૧૨) |
| ૬ | ચૂકવેલ ઈક્વીટી શેર કેપીટલ | ૪૯૯.૯૬ | ૪૯૯.૯૬ | ૪૯૯.૯૬ | ૪૯૯.૯૬ | ૪૯૯.૯૬ |
| ૭ | અનામત (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય) | - | - | - | ૨૯૨૮.૫૯ | ૪૭૭૭.૧૬ |
| ૮ | સીક્યોરીટી પ્રીમીયમ એકાઉન્ટ | - | - | - | - | - |
| ૯ | બેઝિક અને ડાઈલ્યુટેડ | (૦.૧૪) | ૦.૨૮ | (૦.૦૩) | ૦.૩૮ | ૦.૬૬ |

**નોંધ-** (અ) ઉપરોક્ત ત્રિમાસિક/વાર્ષિક નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ કંપની વેબસાઈટ https://www.sanbluecorporation.com/financial-results.html અને બોમ્બે સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ https://www.bseindia.com/stock-share-price/sanblue-corporation-ltd/sanblue/521222/ પર ઉપલબ્ધ છે. અને અહિં આપેલ ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને ઉપરોક્ત નાણાકીય પરિણામો પણ એક્સેસ કરી શકાય છે

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૨૬ મે, ૨૦૨૬**

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી,**
**સાનબ્લ્યુ કોર્પોરેશન લિમિટેડ**
**Sd./-**
**જેકિલ પંચોલી - કંપની સેક્રેટરી - FCS: 12329**

**KUSH INDUSTRIES LIMITED**

**(Formerly known as SNS Textiles Limited)**
**[CIN: L74110GJ1992PLC017218]**
Registered Office: Plot No.129, Near J. B. Chemicals, G.I.D.C. Estate, Ankleshwar, Dist. - Bharuch, Gujarat – 393 002

**EXTRACT OF STATEMENT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/ YEAR ENDED ON 31ST MARCH, 2026**

The Board of Directors in their meeting held on 30th May, 2026, have approved and taken on record the Annual Audited Financial Results for the year ended on 31st March, 2026 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.

The aforesaid Annual Audited Financial Results for the year ended 31st March, 2026 along with Audit Report thereon are available on website of BSE Limited, at www.bseindia.com and also on Company website and can also be accessed by scanning below Quick Response Code:

**Date : 30th May, 2026**
**Place : Ahmedabad**

**For Kush Industries Limited**
**MANSUKH K. VIRANI**
CHAIRMAN &WHOLETIME DIRECTOR
(DIN: 00873403)

**DENIS CHEM LAB LIMITED**

[CIN: L24230GJ1980PLC003843]
**Registered Office:** Block No. 457, Village: Chhatral, Tal: Kalol (N.G.), Dist: Gandhinagar - 382729, Gujarat, India

**AUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE FINANCIAL YEAR ENDED ON 31ST MARCH, 2026**

The Board of Directors in their meeting held on 30th May, 2026, have approved and taken on record the Audited Financial Results for the Financial Year ended on 31st May, 2026 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.
The aforesaid Audited Financial Results for the year ended 31st March, 2026 along with Audit Report thereon are available on website of BSE Limited at www.bseindia.com and also on Company website and can also be accessed by scanning below Quick Response (QR) Code:

**Date : 30th May, 2026**
**Place : Ahmedabad**

**For DENIS CHEM LAB LIMITED**
**HIMANSHU C. PATEL**
MANAGING DIRECTOR
(DIN:00087114)

**PRISM FINANCE LIMITED**

**[CIN:L63910GJ1994PLC021915]**
Regd. Office: Offices No. 1104 + 1105+1106, One 42 Building, North Tower, Behind Ashok Vatika, Near Jayantilal Parks BRTS, Ambali Bopal Road, Ahmedabad – 380054 Tel. (079) 26763503 Fax: (079) 26763504 Email: prismfinance@yahoo.com Website: www.prismfinancein.com

**AUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE FINANCIAL YEAR ENDED ON 31ST MARCH, 2026**

The Board of Directors in their meeting held on 29th May, 2026, have approved and taken on record the Audited Financial Results for the year ended on 31st March, 2026 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.

The aforesaid Audited Financial Results for the year ended 31st March, 2026 along with Auditors Report thereon are available on website of BSE Limited at www.bseindia.com and also on Company website and can also be accessed by scanning below Quick Response Code:

**Date : 29th May, 2026**
**Place : Ahmedabad**

for, **PRISM FINANCE LIMITED**
RAJKUMARI R. UDHWANI
DIRECTOR
(DIN: 02636225)

**ICE MAKE REFRIGERATION LIMITED**

**CIN: L29220GJ2009PLC056482**
**Registered Office:** B/1, Vasupujya Chambers, Income Tax Cross Road, Ashram Road, Ahmedabad – 380014
**Website:**www.icemakeindia.com **Email:**info@icemakeindia.com

**AUDITED STANDALONE AND CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE FINANCIAL YEAR ENDED ON 31ST MARCH, 2026**

The Board of Directors in their meeting held on 29th May, 2026, have approved and taken on record the Audited Standalone and Consolidated Financial Results for the year ended on 31st March, 2026 in terms of Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015.
The aforesaid Audited Standalone and Consolidated Financial Results for the year ended 31st March, 2026 along with Audit Report thereon are available on website of National Stock Exchange of India Limited at www.nseindia.com and also on Company website and can also be accessed by scanning below Quick Response Code:

**Date : 29th May, 2026**
**Place : Ahmedabad**

**For Ice Make Refrigeration Limited**
**CHANDRAKANT P. PATEL**
MANAGING DIRECTOR
(DIN: 02441116)

**REAL ECO-ENERGY LIMITED**

**Regd. Office : 4th Floor, "KARM" Corporate House, Opp. Vikramnagar, Nr. New York Timber Mart, Ambli - Bopal Road, Ahmedabad - 380059, Gujarat. Phone : 079-26936006 • CIN : L74110GJ1993PLC019930**

**AUDITED STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31ST MARCH, 2026**

The Board of Directors of the Company in their meeting held on Friday, 29th May, 2026, have approved and taken on record the statement of Audited Financial Results (Standalone) for the Quarter and year ended on 31st March, 2026 along with Audit Report thereon in terms of Regulation 33 of SEBI (LODR) Regulations, 2015.
The aforesaid Audited Financial Results for the Quarter and Year ended on 31st March, 2026 along with Audit Report thereon are available on the website of Stock Exchange at www.bseindia.com and on the website of company at www.realrealtyin.in and can also be accessed by scanning below Quick response (QR) Code :

**Date : 29/05/2026**
**Place : Ahmedabad**

**For, REAL ECO-ENERGY LIMITED**
**SD/- Dharm Swetank Patel**
**(Managing Director) DIN : 07464810**